# ગુજરાત રાજયમાં ઈગલ અને હેરિયરને કરવામાં આવેલ સેટેલાઈટ ટેલીમેટ્રી.

ગુજરાત પક્ષી પ્રજાતિ માટે ભવ્ય વિવિધતા ધરાવતો પ્રદેશ છે જે ગુજરાતમાં જોવા મળતી ૬૦૯ પ્રજાતિ દ્વારા પ્રતિબિંબિત થાય છે. ગુજરાત ૧૯ ઈમ્પોર્ટેન્ટ બર્ડ એરિયા (IBAs) આવેલ છે જે યાયાવર પક્ષીઓની પ્રજાતિઓ માટે સુરક્ષિત રહેઠાણ તરીકે ગુજરાતનું મહત્વ દર્શાવે છે. સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશો ખાસ કરીને શિકારી પક્ષીઓ માટે મહત્વપૂર્ણ નિવાસસ્થાનો ધરાવે છે. શિકારી પક્ષીઓ (રેપ્ટર્સ) ઇકોસિસ્ટમમાં મહત્વની ભૂમિકા ભજવે છે. શિયાળાની ઋતુ દરમ્યાન આવતાં હેરિયર્સની ભાવનગરના ભાલ વિસ્તારમાં બીજા નંબરની સૌથી મોટી વસ્તી નોંધાયેલી છે. જો કે વિવિધ સંશોધનો દર્શાવે છે કે, શિકારી પક્ષીઓની વસ્તી તેમના સમગ્ર વિચરણના વિસ્તારમાં ઘટાડાનો સામનો કરી રહી છે.

શિકારી પક્ષીઓની વસ્તીમાં થઈ રહેલા તિવ્ર ઘટાડાને અને ભવિષ્યમાં તેનાં સંરક્ષણની બાબતોને ધ્યાનમાં રાખી વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીર દ્વારા શિકારી પક્ષીઓ પૈકી ઈગલ અને હેરિયરની ઈકોલોજીને સમજવા માટે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આ પક્ષીઓને ટેગ લગાવવા બાબતનો એક પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલ. આ બાબતે સક્ષમ સત્તાધીકારી પાસેથી મંજુરી મળતાં ટેગીંગ ટીમ દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ચોકસાઈ અને ઉંડાણપૂર્વક સર્વે હાથ ધરવામાં આવેલ હતો. ત્યારબાદ અનુભવી અને કુશળ ટ્રેપર્સની મદદથી પસંદ કરવામાં આવેલ શિકારી પક્ષીઓને પકડવામાં આવેલ હતાં. શિકારી પક્ષીઓને સુયોગ્ય હોય તેવાં સૂર્યશક્તિથી ચાલતાં ટ્રાન્સમિટર (ટેગ) લગાવવામાં આવેલ હતાં. ટેગીંગ કાર્ય દરમ્યાન સુરક્ષા અને યોગ્ય પદ્ધતિનું પાલન કરવામાં આવેલ હતું. આજ સુધી કુલ ત્રણ ઈગલ (દર્શાવેલ પ્રજાતિઓ પૈકીના એક પક્ષીને) ગ્રેટર સ્પોટેડ ઇગલ (GSE), ઇન્ડિયન સ્પોટેડ ઇગલ (ISE), ટાવની ઇગલ (TE) અને એક નર પેલિડ હેરિયરને ટેગ લગાવવામાં આવેલ છે.

આ વૈજ્ઞાનિક અધ્યયન દ્વારા મેળવવામાં આવેલ ડેટા દ્વારા યાયાવર પક્ષીઓના સ્થળાંતરની વિગત, વસવાટ સ્થાન માટેની તેની પસંદગી, તેનો વ્યાપ વિસ્તાર, તેના પ્રજનન સાથે જોડાયેલ અનેક માહિતી, રોજની ગતિવિધી તેમજ તેના વિશે અજાણ્યા તથ્યો વિગેરે જેવી બાબતોની માહિતી સરળતાથી મળી શકશે. આ વૈજ્ઞાનિક માહિતી આ પ્રજાતિઓના ભાવિ સંરક્ષણના કાર્યની યોજના બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

ઉપરોકત તમામ કાર્ય શ્રી શ્યામલ ટીકાદર, ભા.વ.સે., અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યજીવ) અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન, ગુજરાત રાજય, ગાંધીનગર, શ્રી ડી.ટી.વસાવડા, ભા.વ.સે., મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ અને ડો. મોહન રામ, ભા.વ.સે., નાયબ વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે. આ તમામ કાર્યમાં તજજ્ઞ તરીકે અગાઉ ટેગીંગની કામગીરી કરી ચુકેલા ધી કોર્બેટ ફાઉન્ડેશનના શ્રી દેવેશ ગઢવીની મદદ લેવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમમાં સંલગ્ન પરિક્ષેત્ર વન અધિકારી, વન વિભાગના અનુભવી વન્યજીવ પશુ ચિકિત્સકો તેમજ સ્થાનિક સ્ટાફે સહયોગ આપેલ.

**ડો. મોહન રામ, (ભાવસે)**
**નાયબ વન સંરક્ષક,**
**વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીર**
**જુનાગઢ, ગુજરાત (ભારત).**


Greater Spotted Eagle
FOREST DEPARTMENT GUJARAT STATE
Wildlife Division Sasan-Gir


FOREST DEPARTMENT GUJARAT STATE
Wildlife Division Sasan-Gir


Indian Spotted Eagle
FOREST DEPARTMENT GUJARAT STATE
Wildlife Division Sasan-Gir


FOREST DEPARTMENT GUJARAT STATE
Wildlife Division Sasan-Gir


Pallid Harrier Male
FOREST DEPARTMENT GUJARAT STATE
Wildlife Division Sasan-Gir


FOREST DEPARTMENT GUJARAT STATE
Wildlife Division Sasan-Gir


Tawny Eagle
FOREST DEPARTMENT GUJARAT STATE
Wildlife Division Sasan-Gir


FOREST DEPARTMENT GUJARAT STATE
Wildlife Division Sasan-Gir

***